# વિશ્વ ન્યાય મંદિર

૧ ઓગસ્ટ ૨૦૧૪

વિશ્વના બહાઈઓને.

પરમ પ્રિય મિત્રગણ,

રિઝવાન ૨૦૧૨ માં અમે સેન્ટિઆગો, ચીલીમાં ભૂખંડીય મશ્રીકુલ આઝકારની શ્રેણીના અંતિમ મંદિરના નિર્માણની સાથે બે રાષ્ટ્રિય અને પાંચ સ્થાનિક સ્તરના મંદિરોના નિર્માણની યોજનાની ઘોષણા કરી હતી તેના પછી બે વર્ષથી વધારે સમય પસાર થઈ ગયો છે. આ કાર્ય સામુદાયિક જીવનને વિકસિત કરવાના કાર્ય સાથે અતૂટ રીતે જોડાયેલું છે જે હાલમાં ઉપાસના અને સેવાના કાર્યો દ્વારા દરેક જગ્યાએ વિકાસ પામી રહ્યું છે. ‘‘જે બધા ધર્મો ના સ્વામી છે એ ઈશ્વરના નામ પર આખી ધરતી પર’’ ઉપાસના મંદિરોનું નિર્માણ કરવાનું બહાઉલ્લાહ દ્વારા માનવજાતને આપવામાં આવેલું આ પાવન કર્તવ્ય સામુદાયિક જીવનને વિકસિત કરવા માટેનું આગળનું પગલું છે – એવાં કેન્દ્રો, જ્યાં આત્માઓ દિવ્ય શ્લોક સાંભળવા માટે એકત્રિત થશે અને જ્યાંથી ‘સ્તુતિ-ગાનનો સૂર સ્વર્ગ સુધી ગૂંજી ઉઠશે’ અને ‘ઈશ્વરની સુરભિ’ ચોતરફ ફેલાશે.

દુનિયાના દરેક ભૂભાગમાંથી અમારા આહ્વાનને મળેલા પ્રતિભાવથી અમે ખૂબ જ પ્રભાવિત છીએ. ખાસ કરીને એવા દેશો અને સમુદાયોમાં જે તાજેતરમાં ઉપાસના મંદિરોના નિર્માણ માટે નિર્ધારિત કરવામાં આવ્યા છે ત્યાં અમે નિહાળી છે : મિત્રો વચ્ચે પ્રસન્નતાની સહજ અભિવ્યક્તિ; તેમની સમક્ષ રહેલા આ મહત્ત્વપૂર્ણ કાર્યમાં તેમના હિસ્સાની જવાબદારી પૂરી કરવામાં અને કાર્ય-પ્રવૃત્તિઓની ક્રિયાશીલતામાં વધારો કરવા માટે તેમની શીઘ્ર અને હાર્દિક પ્રતિબદ્ધતા, જે સમુદાયમાં એક મશ્રીકુલ આઝકારના નિર્માણ-કાર્ય સાથે પરસ્પર જોડાયેલી છે; તેમના સમય, શક્તિ અને ભૌતિક સાધનોનું ત્યાગપૂર્ણ યોગદાન; તથા પરમેશ્વરના સ્મરણ માટે સંપૂર્ણપણે સમર્પિ ત એવા તેમની વચ્ચે બનાવવામાં આવી રહેલા મંદિર ભવનના ઉદ્દેશ પ્રત્યે અધિકાધિક જનમાનસને જાગ્રત કરવાના અવિરત પ્રયત્નો. નિ:શંક, પરમ મહાન નામના સમુદાયનો શીઘ્ર પ્રતિભાવ આ સામુહિક કાર્યોને આગળ વધારવાની તેમની ક્ષમતાનો સુયોગ્ય શુભ સંકેત છે.

૨૦૧૨માં બહાઈ વિશ્વ કેન્દ્ર ખાતે સ્થપાયેલા ‘મંદિર અને સાઈટ્સ’ કાર્યાલયના સંપૂર્ણ સહયોગથી કોંગો અને પાપુઆ ન્યુ ગીનીના પ્રજાસત્તાક ગણરાજ્ય અને તેની સાથે કમ્બોડિયા, કોલંબિયા, ભારત, કેન્યા અને વાનુઆટુની રાષ્ટ્રિય આધ્યાત્મિક સભાઓ પ્રારંભિક તૈયારીઓ સાથે ઝડપથી આગળ વધી રહી છે. દરેક દેશમાં એક સમિતિની રચના કરવામાં આવી છે જે સમુદાયના દરેક સ્તરની સંસ્થાઓ અને એજન્સીઓ સાથે મળીને એવા માધ્યમો શોધી કાઢશે જેની મદદથી વિસ્તૃત સહભાગીતાને પ્રોત્સાહિત કરી શકાય અને આ યોજનાની ઘોષણા પછી મિત્રો વચ્ચે જન્મેલા ઉત્સાહને દોરવણી આપી શકાય. આ રાષ્ટ્રિય અને સ્થાનિક યોજનાઓનું બીજું એક પગલું એક યોગ્ય જમીનના પ્લોટની પસંદગી કરવાની છે - એક એવી જગ્યા જે કદમાં મધ્યમ હોય, આવાગમનની દૃષ્ટિએ સુયોગ્ય હોય અને સરળતાથી પહોંચી શકાય એવી હોય. સાતમાંથી ચાર જગ્યાઓ હાલ સુધીમાં આપણે પ્રાપ્ત કરી લીધી છે. તકનિકી, નાણાંકીય અને કાયદાકીય બાબતોની વ્યવસ્થા હેતુ દરેક યોજના માટે એક બાંધકામ કાર્યાલયની રચના કરવામાં આવી છે. મંદિર કોષમાં આખી દુનિયામાંથી મિત્રોના ઉદાર ફાળા દ્વારા શરૂઆતના તબક્કાનું કાર્ય આગળ વધી રહ્યું છે. આ કોષમાં વિશ્વવ્યાપી અને ત્યાગપૂર્ણ સહયોગ આગળના તબક્કાઓની અવિરત પ્રગતિ સુનિશ્ચિત કરશે.

ચાર દેશોમાં આ યોજનાઓ મંદિરની ઈમારતની ડિઝાઈન બનાવવવાના ચરણમાં પહોચી ગઈ છે. આ પ્રક્રિયા સંભવિત સ્થપતિઓ (આર્કિટેક્ટ)ની પસંદગી અને ઢાંચા માટેની જરૂરીયાતોની વ્યવસ્થા કરતી સ્થાપત્ય અને ટૂંકી માહિતીથી શરૂ થાય છે અને તે અંતે ફાઈનલ ડિઝાઈન માટેના એક કરારમાં પરિણમે છે. સ્થપતિઓ સમક્ષ એકમાત્ર પડકાર "અસ્તિત્વના સંસારમાં શક્ય હોય એટલી પરિપૂર્ણ આકૃતિ" બનાવવવાનો છે, જેનો સ્થાનિક સંસ્કૃતિ સાથે અને એવા લોકોના દૈનિક જીવન સાથે સુમેળ થતો હોય જેઓ પ્રાર્થના અને મનન કરવા માટે તેમાં ભેગા થશે. આ કાર્ય સર્જનાત્મકતા અને કૌશલ્ય માટે આહ્‌વાન કરે છે જે સૌંદર્ય, લલિત-કલા, અને ગરિમાને સુશીલતા, કારીગરી અને કરકસર સાથે જોડી શકે. નજીકના અને દૂરના અનેક સ્થપતિઓએ પ્રસન્નતા પૂર્વક તેમની સેવા આપવાની ઈચ્છા દર્શાવી છે, અને આવા યોગદાનનું સ્વાગત છે તેમાં કોઈ શંકા નથી. રાષ્ટ્રિય આધ્યાત્મિક સભાઓ એવા સ્થપતિઓ પર ભાર આપી રહી છે જેઓ એ વિસ્તારથી સુપરિચિત હોય જ્યાં ઈમારતનું નિર્માણ કરવાનું છે.

ચીલીમાં દક્ષિણ અમેરિકાના ભૂખંડિય ઉપાસના મંદિરનું નિર્માણ-કાર્ય તેની સમાપ્તિ તરફ આગળ વધી રહ્યું છે. લોખંડનીફ્રેમનો ઉપરનો ઢાંચો લગભગ આખો તૈયાર થઈ ગયો છે, અંદરના પારભાષક પથ્થરોની હારમાળા ગોઠવાઈ રહી છે અને જમીન લેવલીંગ અને સહાયક સુવિધાઓનું બાંધકામ નિર્ધારિત કાર્યક્રમ અનુસાર આગળ વધી રહ્યું છે. અમેરિકી દેશોના સહયોગથી, સેંન્ટિઆગોના મિત્રો આજુબાજુના લોકોને ઉપાસના મંદિર વિશે જાગ્રત કરવા માટે પૂરી લગનથી પ્રયત્નો કરી રહ્યા છે; સમુદાય ઘડતરના પ્રયત્નોમાં અધિકાધિક લોકો જોડાઈ રહ્યા છે અને મંદિરના નિર્માણ સ્થળે પ્રાર્થના કરવા તથા આ કાર્યના વ્યવહારિક અને આધ્યાત્મિક તત્ત્વો અંગે ચર્ચા કરવા માટે મોટી સંખ્યામાં લોકોનું સ્વાગત કરવામાં આવી રહ્યું છે. ૨૦૧૬માં મંદિરના ઉદ્‌ઘાટન પછી નિશ્ચિતપણે ઊભી થનાર અનેક જરૂરિયાતોને ધ્યાનમાં રાખતાં, આ દેશમાં હાલમાં અનેક પગલાં લેવાઈ રહ્યાં છે.

દુનિયાભરમાં મિત્રગણ આ હ્રદયસ્પર્શી વિકાસના કાર્યોની ખુશી મનાવી રહ્યા છે ત્યારે, તેમની શક્તિઓ એક પછી એક ક્ષેત્રસમુહમાં સશક્ત બની રહેલી પ્રવૃત્તિઓ પર કેન્દ્રિત છે. એ જ રીતે તેઓ આરાધના અને સમાજની આધ્યાત્મિક, સામાજિક તથા ભૌતિક પરિસ્થિતિઓને ઉન્નત કરવાના પ્રયત્નો વચ્ચેનો ક્રિયાશીલ પરસ્પર-સંબંધ સમજવામાં પણ નિષ્ફળ ગયા નથી. અમને આશા છે કે એવા સર્વે મિત્રો જે નગરો અને શહેરો, પાડોશી વિસ્તારો અને ગામોમાં આ પ્રકારના કાર્યોમાં પ્રયત્નશીલ છે તેઓ, વીસમી સદીની શરૂઆતમાં પૂર્વમાં અને તેના પછી પશ્ચિમમાં, સૌથી પહેલા બે મંદિરોના નિર્માણ-કાર્ય માટે જે પ્રયત્નો કરાયા હતા તેમાંથી અંતર્દૃષ્ટિ પ્રાપ્ત કરશે.

ઈશ્કાબાદ શહેરમાં ઈરાનથી નિષ્ઠાવાન શ્રદ્ધાળુઓનું એક જૂથ આવીને વસ્યું હતું જેમણે થોડા વખત માટે તુર્કિસ્તાનમાં શાંતિ અને પ્રશાંતિ મેળવી હતી, અને તેમણે એક એવી જીવન શૈલીના નિર્માણમાં પોતાની તાકાત લગાવી દીધી હતી જે બહાઉલ્લાહના પ્રગટીકરણમાં નિહિત મહાન આધ્યાત્મિક અને સામાજિક સિદ્ધાંતોને પ્રતિબિંબિત કરતી હતી. થોડા જ દશકાઓમાં આ જૂથ, જે શરૂઆતમાં એક મુઠ્ઠીભર પરિવારોના સમુહનું બનેલું હતું, તેમાં અન્ય લોકો સામેલ થતા ગયા અને થોડા હજારોની સંખ્યામાં તેનો વિકાસ થયો. મિત્રતાના બંધનો તથા ઉદ્દેશની એકતા દ્વારા દૃઢ અને વિશ્વાસની ચેતનાથી જીવંત એવા આ સમુદાયે ગાઢ સુમેળ તથા વિકાસ પ્રાપ્ત કર્યા, જેના માટે તેમણે સંપૂર્ણ બહાઈ જગતમાં ખ્યાતિ મેળવી. દિવ્ય શિક્ષણોની સમજથી માર્ગદર્શિત તથા તેમને જે ધાર્મિક સ્વતંત્રતા આપવામાં આવી હતી તેની મર્યાદામાં રહીને આ મિત્રોએ એવી પરિસ્થિતિઓનું સર્જન કરવા માટે પરિશ્રમ કર્યો કે જેમનાથી "દરેક બહાઈ સમુદાયની સર્વોચ્ચ (મુગટરૂપી) સંસ્થા" એવા મશ્રીકુલ આઝકારની સ્થાપના થઈ શકે. સ્વયં આશીર્વાદિત સૌંદયની સંમતિથી, થોડા વર્ષો પહેલાં જ આ શહેરની મધ્યમાં એક સુયોગ્ય જમીનનો પ્લોટ પ્રાપ્ત કરવામાં આવ્યો હતો, અને સામાજિક કલ્યાણ માટેની સુવિધાઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું - એક સભાખંડ, બાળકો માટે શાળા, મુલાકાતીઓ માટે ધર્મશાળા, એક દવાખાનું વગેરેનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ઈશ્કાબાદના બહાઈઓ આ ફળદાયી વર્ષોમાં તેમની સમૃદ્ધિ, ઉદારતા અને બૌદ્ધિક તથા સાંસ્કૃતિક

ઉપલબ્ધિઓ દ્વારા વિશિષ્ટ બન્યા હતા, અને એક એવા સમાજમાં જ્યાં બેસુમાર નિરક્ષરતા, ખાસ કરીને છોકરીઓમાં, પ્રવર્તતી હતી ત્યાં, બધા જ બહાઈ બાળકો અને યુવાનો સાક્ષર બને તે સુનિશ્ચિત કરવા પર આપેલું તેમનું ધ્યાન તેમની નોંધપાત્ર ઉપલબ્ધિઓનું એક પ્રતીક બન્યું હતું. એકજૂટ પ્રયત્ન અને પ્રગતિના આવા વાતાવરણમાં, વિકાસના દરેક તબક્કે અબ્દુલબહા દ્વારા પ્રેરિત, એક ભવ્ય ઉપાસના મંદિરનું નિર્માણ થયું – જે એ પ્રદેશની સૌથી નામાંકિત ઈમારત હતી. વીસ વર્ષથી વધારે સમય માટે મિત્રોએ પોતાના ઉચ્ચ ઉદ્દેશ પ્રાપ્ત કર્યાનો સ્વર્ગીય આનંદ અનુભવ્યો : આરાધનાના એક કેન્દ્રબિંદુની સ્થાપના, સામાજિક જીવનની જીવાદોરી, એક એવું સ્થળ જ્યાં લોકો ઉષાકાળે વિનમ્ર સ્તુતિ-ગાન અને પ્રાર્થનાઓ માટે ભેગા થતા, અને ત્યાંથી પોતાનાં કામકાજ માટે નીકળી જતા. જો કે આખરે અધર્મનાં બળ આ વિસ્તાર પર ફરી વળ્યાં અને આશાઓ નાસીપાસ થઈ ગઈ, તે છતાંયે ઈશ્કાબાદમાં થોડા સમય માટે એક મશ્કરીકુલ આઝકારનું હોવું તે આ શ્રદ્ધાળુઓના જૂથની ઈચ્છા-શક્તિ અને પ્રયત્નોનું એક કાયમી પ્રમાણ છે જેમણે સર્જનાત્મક દિવ્ય શબ્દની શક્તિમાંથી પ્રેરણા પ્રાપ્ત કરીને એક સમૃદ્ધ જીવનશૈલીની સ્થાપના કરી.

ઈશ્કાબાદમાં ઉપાસના મંદિરનું નિર્માણ કાર્ય શરૂ થયું તેના થોડા જ સમય પછી પશ્ચિમી ગોળાર્ધમાં ઉત્તર અમેરિકાના નવીન બહાઈ સમુદાયના સભ્યોએ તેમના પોતાના એક મંદિરનું નિર્માણ કરીને તેમની આસ્થા અને નિષ્ઠા પ્રગટ કરવાની પ્રેરણા પ્રાપ્ત કરી અને સન ૧૯૦૩માં માસ્ટરની સહમતિ માટે કાગળ લખ્યો. તે સમયથી બહાઉલ્લાહના સમર્પિત સેવકોના ભાગ્ય સાથે મશ્રીકુલ આઝકાર અવિભાજ્યપણે વણાઈ ગયું. બે વિશ્વ યુદ્ધ અને વ્યાપક આર્થિક મંદીને કારણે આ જટિલ યોજનાની પ્રગતિમાં દશકાઓ સુધી બાધાઓ આવવા છતાંયે તેના વિકાસનો દરેક તબક્કો સમુદાયના વિસ્તરણ અને તેની વહીવટી-વ્યવસ્થાના ફેલાવા સાથે ગાઢ રીતે સંકળાયેલો રહ્યો. માર્ચ ૧૯૦૯ માં જ્યારે કાર્મેલ પર્વત પર બાબના પાવન અવશેષ ભૂમિગત કરવામાં આવી રહ્યા હતા ત્યારે એક પ્રતિનિધિગણ 'બહાઈ મંદિર એકતા'નામની એક રાષ્ટ્રિય સંસ્થાની સ્થાપના કરવાના હેતુથી ભેગું થયું, જેનું ચૂંટાયેલું મંડળ એ ભૂખંડના દૂર દૂરના સ્થાનિક સમુદાયો માટે પ્રેરણાનું કેન્દ્ર બની ગયું. આ ઉપલબ્ધિએ થોડા જ વખતમાં યુનાઈટેડ સ્ટેટસ્ અને કેનેડાના બહાઈઓની રાષ્ટ્રિય આધ્યાત્મિક સભાની રચનાને પ્રોત્સાહન આપ્યું. ઉત્તર અમેરિકાની તેમની યાત્રા દરમિયાન અદ્‌ભૂત આધ્યાત્મિક શક્તિઓના વરદાન સાથે સ્વયં અબ્દુલબહાએ પશ્ચિમના આ માતૃમંદિરનો શિલાન્યાસ કર્યો. અને આ ઐતિહાસિક કાર્ય માટે આફ્રિકા, એશિયા, યુરોપ, લેટિન અમેરિકા અને પ્રશાંત મહાસાગરના દેશોમાંથી દાનનો પ્રવાહ વરસવા લાગ્યો - જે પૂર્વ અને પશ્ચિમના બહાઈઓની અખંડતા અને ત્યાગનું પ્રમાણ હતું.

જયારે બધા દેશોમાં બહાઉલ્લાહના અનુયાયીઓ પોતાના વિચારોને પરમેશ્વર પર કેન્દ્રિત કરી રહ્યા છે અને દરરોજ તેના સ્મરણમાં રત થઈ રહ્યા છે ત્યારે, એક શ્રદ્ધાળુ - જે અબ્દુલ બહાના સતત અને પ્રેમપૂર્ણ માર્ગદર્શન હેઠળ તૈયાર થઈ રહેલા પ્રથમ ઉપાસના મંદિરના નિર્માણ-કાર્ય પ્રત્યે સમર્પિત હતો - તેને અબ્દુલ બહાએ લખેલા આ હૃદયસ્પર્શી શબ્દોમાંથી તેમને પ્રેરણા પ્રાપ્ત થશે :

"સંપૂર્ણ અનાસક્તિ અને આકર્ષણના અગ્નિથી પ્રદીપ્ત થઈને શીઘ્ર ઈશ્કાબાદ જા અને પરમેશ્વરના મિત્રોને અબ્દુલ બહાની હાર્દિક શુભેચ્છાઓ આપ. તું ત્યાં દરેક મિત્રનું મુખ ચૂમજે અને બધાને આ સેવકનો ગહન પ્રેમ અને સ્નેહ આપજે. મશ્રીકુલ આઝકારના બાંધકામ માટે અબ્દુલ બહા વતી માટી ખોદજે અને ચણતર માટેના માલનો ગારો અને પથ્થરો ઉપાડજે, કે જેથી આ સેવાનો હર્ષોલ્લાસ આ 'દાસત્વના કેન્દ્ર'ને આનંદ અને ઉલ્લાસથી ભરી દે. આ મશ્રીકુલ આઝકાર પ્રભુની સૌથી પહેલી દેખીતી અને પ્રગટિત પ્રસ્થાપના છે. તેથી આ સેવકની આશા છે કે દરેક સદ્‌ગુણી અને સદાચારી આત્મા એને માટે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેશે, અત્યંત પ્રસન્નતા તથા હર્ષોલ્લાસ દર્શાવશે, અને માટી તથા માલનો ગારો ઉપાડવામાં ખુશી માણશે કે જેથી આ દિવ્ય ઈમારત ઊભી થઈ શકે, પરમેશ્વરના ધર્મનો પ્રસાર થાય અને દુનિયાના દરેક ખૂણે મિત્રો સંપૂર્ણ સંકલ્પ સાથે આ મહાન કાર્ય પૂરું

કરવા માટે ઊભા થાય. જો અબ્દુલ બહા કારાવાસમાં ન હોત અને તેમના માર્ગમાં બાધાઓ ન હોત તો તે સ્વયં શીઘ્ર ઈશ્કાબાદ ગયા હોત અને અસીમ આનંદ તથા પ્રસન્નતાથી મશ્રીકુલ આઝકારના નિર્માણ માટે માટી ઉપાડી હોત. આ તીવ્ર ઈચ્છાને ધ્યાનમાં રાખતાં મિત્રો માટે ઉચિત છે કે તેઓ ઊભા થાય અને મારા વતી સેવા કરે, કે જેથી ટૂંક સમયમાં જ આ ઈમારત બધાની આંખો સમક્ષ પ્રગટ થઈ શકે, પ્રભુના પ્રિયજનો પરમ મહિમામય સૌંદર્ય ના સ્મરણમાં લાગી જાય, વહેલી સવારે મશ્રીકુલ આઝકારની સુરાવલિઓ સ્વર્ગના નિવાસીઓ સુધી ઊંચે ઊઠે અને ઈશ્વરના બુલબુલોનાં ગીત પરમ મહિમાવંત સામ્રાજ્યના નિવાસીઓને આનંદ અને હર્ષોન્માદ આપી શકે. આવી રીતે હૃદયો આનંદિત થશે, આત્માઓ શુભ સંદેશથી પ્રસન્ન થશે અને મન પ્રકાશિત થશે. નિષ્ઠાવાન લોકોની આ પરમ આશા છે ; જેઓ પ્રભુની નિકટ છે તેમની આ પરમ પ્રિય ઈચ્છા છે.''

વિશ્વ ન્યાય મંદિર